ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૪ ૧ માર્ચ ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂા.૧૦૦/-

## રાજવાણી - 'જગત'

જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહી.

જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે. આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે તે ગ્રહવા એ જ માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકુળતા-પ્રતિકુળતા શું જોવી? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું. એટલે કીર્તિ અપકીર્તિથી સર્વકાળને માટે રહિત થઈ શકાશે.

જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે. ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિધ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણામાં રહેવું.

દેવદેવીની તુષમાનતાને શું કરીશું? જગતની તુષમાનતાને શું કરીશું? તુષમાનતા સત્પુરુષની ઈચ્છો.

મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

આત્મસ્વરૂપમાં જગત નથી, એવી વેદાંતે વાત કહી છે અથવા એમ ઘટે છે, પણ બાહ્ય જગત નથી એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે માનવો યોગ્ય ગણાય.

જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપભ્રાંતિ વડે વિશ્રાંતિ પામતું નથી. જીવની ભ્રાંતિઓ દૂર કરવા માટે જગતનું વર્ણન બતાવ્યું છે. જે જીવ હંમેશના અંધમાર્ગથી થાકે તો માર્ગમાં આવે.

જગતની વાત જાણવી તેને શાસ્ત્રમાં મુક્તિ કહી નથી. પણ નિરાવરણ થાય ત્યારે મોક્ષ. **શ્રીમદ્ રાજચંદ્ર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## ઓશો વાણી

છોડના હૈ અહંકાર, લોગ છોડતે હૈ કર્મ. કર્મ છોડના આસાન હૈ. કર્મ સે તો સભી ભાગના ચાહતે હૈ. કૌન નહી ચાહતા કી છુટકારા મિલે કર્મસે. કર્તા કો કોઈ નહી છોડના ચાહતા. જિસકો કોઈ નહી છોડના ચાહતા ઉસીકો છોડને મેં ગૌરવ હૈ.

અસાર કો અસારકી તરહ દેખ લેને મે સાર કા જન્મ હૈ. અસત્ય કો અસત્ય કી તરહ પહચાન લેને મેં સત્ય કી કિરણ હૈ. માર્ગ તો હૈ, તુમ જહાં ખડે હો વહીં સે માર્ગ જાતા હૈ લેકિન જબતક પ્યાસ નહીં, તબ તક તુમ્હારા ઉસ માર્ગસે સંબંધ નહી હો પાતા હૈ. તુમ કહતે હો પરમાત્માસે મિલના હૈ, પ્યાસ હૈ? નહી, અપની પ્યાસકો ફિર જાંચના. પ્યાસ નહી હૈં અન્યથા તુમ મિલ ગયે હોતે. પરમાત્મા ઔર તુમ્હારે બીચ પ્યાસકી કમી હી તો બાધા હૈ. જલતી પ્યાસ હી જોડ દેતી હૈ, પ્યાસ હી પથ બન જાતી હૈ.

સત્ય કો ખોજને સમજદાર થોડે હી જાતે હૈ - સમજદાર તો દુકાન ચલાતે હૈ, ધન કમાતે હૈ, દિલ્હી જાતે હૈ, સમજદાર ઐસી ઉલ્ઝનમેં નહી પડતે હૈ. યહ તો (સત્ય કી ખોજ) પાગલો કે લિએ હી યહ હૈ. સુખ હમારા સ્વભાવ હૈ, ઉસે લેકર હી હમ પેદા હુએ હૈ, સુખકે બીના હમ પૈદા હી નહી હુએ હૈ. હમારે જન્મ કે પૂર્વ સે ભી સુખ કી ધારા હમારે ભીતર બહ રહી હૈ. સ્વભાવકા અર્થ હૈં, જો હમારા હૈ હી જૈસે આગ જલાતી યહ ઉસકા સ્વભાવ, ઐસે સુખી હોના ચૈતન્ય કા સ્વભાવ. જિસે તુમ લેકર આયે હો, જિસ સંપદા કો તુમ અપને ભીતર લિયે બૈઠે હો ઉસ તિજૌડીકો તુમને ખોલા હી નહી. તુમને તિજોડી કે ઉપર ઔર ન માલુમ ક્યાં ક્યાં રંગરોગાન ચઢા દિયા, તુમ્હારે રંગરોગાનકે કારણ યહ ભી હો સકતા હૈ કિ અબ ચાબી ભી ન લગે, ચાબીકા છેદ ભી બંધ હો ગયા હો ઔર તુમ જિસે ખોજ રહે હો વહ તુમ્હારે ભીતર બંધ હૈ, તુમ ઉસે લેકર આયે હો, ધનને તુમ્હે નહીં રોકા હૈ, ધન ક્યાં રોકેગા? ચાંદીકે ઠિકરે ક્યાં રોક સકતે હૈ? ન મકાન, ન દુકાન, ન બચ્ચે, ન પત્ની, ન પતિને તુમ્હે રોકા હૈ. કોઈ દૂસરા તુમ્હૈ કૈસે રોક સકતા હૈ? તુમ રૂકે હો અપની મુઢતા સે મુઢતા તોડો ઔર કહીં મત જાઓ ઔર કુછ મત છોડો સિર્ફ મુઢતા તોડો. એક દિન ગૌતમકો પતા ચલાકી મૈ બુધ્ધ હું, ઔર એક દિન મહાવીર કો પતા ચલા મૈં જિન હું. તો જો આજ પતા ચલા હૈ, આજ જો ફલ લગે વે સદાસે મૌજુદ થે. પહચાન હુઈ બીજ મેં છીપે થે પ્રગટ હુએ ગહરે અંધેરેમે પડે થે, પ્રકાશમેં લાયે બસ ઈતની હી બાત હૈ. - **'ઓશો રજનીશજીના પુસ્તકોમાંથી'**.

# ઈશ્વર મુઝે માર્ગ બતાયેગા- ગાંધીજી

મુઝે મોક્ષ મિલેગા એસી દશા અબતક મુઝે પ્રાપ્ત નહીં હુઈ હૈ, લેકિન મૈં એસા માનતા હૂઁ કિ મેરે વિચાર આજ જિસ સ્થિતિ કો પ્રાપ્ત કર ચુકે હૈં, ઉસ સ્થિતિ મેં મૈં યહ શરીર છોડૂં તો પુનર્જન્મ એસા મિલેગા કિ તુરંત મોક્ષ મિલેગા. હિંદુ ધર્મ મેં એસી શ્રદ્ધા રખી ગઈ હૈ કિ એક જન્મ કે બાદ દુસરા જન્મ મિલતા હૈ. આત્મા કભી મરતા નહીં. ઈસલિએ મૈં ચિંતા નહીં કરતા કિ મૈં મર જાઉં તો મેરે કામ કા ક્યા હોગા. પ્રભુ કો મુઝે હજાર તરીકોં સે બતા દેના ચાહિએ કિ મૈં સત્ય-ધર્મ મેં વિશ્વાસ કરતા હૂઁ ઔર અગર ઉસકા કાર્ય કરને કે લિએ મૈં નાલાયક સાબિત હોઉં, યોગ્ય પાત્ર ન ઠહરું, તો મેરી પ્રાર્થના હૈ કિ વહ મુઝે વાપસ બુલા લે ઔર મેરી લાયકાત કે અનુસાર તથા ઉસકી ઈચ્છાનુસાર વહ મુઝે ફિરસે નયા રૂપ દે. મેરે અપને સિદ્ધાંત કે વિષય મેં મેરી શ્રદ્ધા અચલ હી હૈ. મેરા વિશ્વાસ હૈ કિ ઈશ્વર મુઝે માર્ગ બતાયેગા. મનુષ્ય કી યુક્તિ-બુદ્ધિ જહાઁ નહીં ચલતી વહાઁ સત્ય જરૂર ચલેગા। ઈશ્વર કો મૈં ઈતની પ્રાર્થના કરતા હૂઁ કિ વહ મુઝે સત્પથ સે લે જાય, મુઝમેં રાગ, દ્વેષ યા ક્રોધ કા છુપા છુપા અંશ ભી કહીં રહા હો તો વહ ઉસે શાંત કરે ઔર મુઝે એસા સંદેશ પહુંચાયે કિ જિસમેં સભી લોગ ઉત્સાહ સે ભાગ લે. મૈં ઉત્કટતા સે પ્રકાશ કે લિએ પ્રભુ સે પ્રાર્થના કર રહા હૂઁ. અગર મુઝમેં યહ ભરોસા હોગા કિ પ્રભુ કી ઓર સે મુઝે જરૂર સૂચન મિલેગા, પ્રભુ કી ખુલી સહાયતા કે બિના મેરી અસહાયતા કબૂલ કરને જિતની નમ્રતા અગર મુઝમેં હોગી તો વહ અંધકાર ભરે માર્ગ કો પ્રકાશમય બનાકર મુઝે રાસ્તા સુઝાયેગા.

મૈં તો ફકીર જૈસા હૂઁ। સચ્ચા ફકીર યા સચ્ચા સન્યાસી હૂઁ યા નહીં યહ મૈં જાનતા નહીં; લેકિન સન્યાસ મુઝે અચ્છા લગતા હૈ. બ્રહ્મચર્ય મુઝે પ્રિય હૈ; લેકિન મૈં સચ્ચા બ્રહ્મચારી હૂઁ કયા, યહ મૈં નહીં જાનતા. એક બાલ કે સૌ ભાગ કરેં ઔર ઉસમેં સે એક ભાગ કા વજન કરેં, તો ઉસ વજન કી પરીક્ષા જિસ કાંટે સે હો સકતી હૈ, ઉસ કાંટે પર મેરી અહિંસા ઔર સત્ય દોનોં ચઢે હૈં. વે તો કભી અપૂર્ણ હો હી નહીં સકતે. મૈં જો ઉનકા પ્રતિનિધિ બના હૂં, ઉસકી અપૂર્ણતા અગર સિદ્ધ હોનેવાલી હૈ તો હોને દો. ઉસ હાલત મેં મૈં ઈતની આશા જરૂર રખતા હૂઁ કિ ઈશ્વર મુઝે ઉઠા લેગા ઔર દૂસરે કિસીકો સાધન બનાકર ઉસસે કામ લેગા.

મેરે દેશવાસિયોં કો મૈં આજ જો સ્પષ્ટ નહીં કહ સકતા વહ કિસી દિન મેરે સામને અપને આપ સ્પષ્ટ હો જાયેગા; અથવા ઈશ્વરકી ઈચ્છા હોગી તો મેરે મુંહ મેં વહ કોઈ યથાર્થ શબ્દ રખેગા, ઉસકે દ્વારા અથવા કોઈ યથાર્થ કામ કરને કી વહ મુઝે પ્રેરણા દેગા, ઉસકે દ્વારા વહ સ્પષ્ટ હોગા. એસી અટલ શ્રદ્ધા સે અકેલે રહકર હી મુઝે કાર્ય કરના ચાહિએ, યહ સ્પષ્ટ હૈ. સબકે વિરોધ કે બીચ અડિગ રહને કા બલ ઔર સયાનાપન ઈશ્વર મુઝે દે. ઉસકે લિએ શુદ્ધતા દે સકે એસે સભી પ્રકાર કે બલ કી મુઝે જરૂરત હૈ; લેકિન મેરે વિચારો મેં મૈં અકેલા હી હૂઁ. ફિર ભી મૈં અવર્ણનીય આનંદ તથા મન કી તાજગી કા અનુભવ કર રહા હૂઁ. માનો ઈશ્વર સ્વયં હી મેરા માર્ગ પ્રકાશમય બના રહા હૈ, એસા મુઝે લગતા હૈ. મૈં અકેલે હાથ જૂઝ રહા હૂઁ, ઈસકા કારણ શાયદ યહી હોગા. સૃષ્ટિ મેં એસી સ્થિતિ લંબે સમય તક ટિકી નહીં રહતી. યા તો પરિસ્થિતિ બદલેગી અથવા માર્ગ કા અવરોધ દૂર હોગા. - **સૌ. શાંતિ સેવક, નવેમ્બર ૨૦૦૨ અંક**

# જિંદગી ખાલીખમ કેમ લાગે છે ?

જિંદગી ખાલીખમ લાગતી હોય તો એને ભરવી જોઈએ. કેવી રીતે ભરવી જોઈએ? પેલી વાર્તાના શેઠે એના બે દીકરાઓને એક-એક પૈસો આપીને એક ઓરડો ભરી દેવાનું કહ્યું ત્યારે એક દીકરાએ એક પૈસામાં ઉકરડો ખરીદીને ઓરડો ભરી દીધો જ્યારે બીજાએ અગરબત્તી ખરીદીને સુગંધથી ભરી દીધો. જિંદગી ખાલીખમ લાગે ત્યારે મોટાભાગના લોકો પહેલા દીકરાને અનુસરે છે. હેતુવિહીન અને દેખાડુ પ્રવૃત્તિઓમાં પોતાની જાતને ડુબાડી દે છે. સમાજસેવાના નામે ચાલતાં તૂત સાથે સંકળાઈને અથવા તો ઊંધે રવાડે ચડાવી દેતી ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાઈને. કાં તો પછી ખૂબ બધી ઓળખાણો ઊભી કરીને, નવા નવા પરિચયો કેળવીને, ઉપરછલ્લા સંબંધો બાંધીને કે પછી શૉપિંગ કરીને ટાઈમ પસાર કરવાનું નક્કી કરે છે. ઍપરન્ટલી આ બધાને કારણે ખાલીખમ જિંદગી ભરાઈ ગયેલી લાગે છે, પણ થોડા જ સમયમાં જ્યારે દુર્ગંધનો અણસાર આવે છે ત્યારે રિયલાઈઝ થાય છે આ તો તમે શેઠના પહેલા દીકરા જેવો શોર્ટકટ પસંદ કર્યો.

અગરબત્તીની સુગંધ દેખાતી નથી, અનુભવાય છે. ભૌતિક પ્રવૃત્તિઓ, ચીજવસ્તુઓની ખરીદી તેમ જ સંબંધોની ભીડ - આ બધું જ દેખાય છે, બીજાઓને પણ દેખાય છે. સુગંધને ન તો તમે જોઈ શકો છો, ન બીજાઓ. ખાલીખમ ઓરડાને સુગંધથી ભરી દેવાનો વિચાર તમને નથી આવતો, કારણ કે બીજાઓ એ ઓરડાને જોઈને કહેશે કે આ તો ખાલી છે, એવો ડર છે તમને.

જિંદગીની આ સુગંધ તમને ઉકરડાના ઢગલા જેટલા પરિચયો, ઓળખાણો, સંબંધોથી પ્રાપ્ત નથી થતી. એકાદ જેન્યૂઈન સંબંધ પૂરતો છે, જેમાં તમને પૂરેપૂરા ઠલવાઈ જવાની મઝા આવે. જેમાં તમે તમારા કરતાં વધારે વિશ્વાસ એના પર મૂક્તા હો. જેમાં તમે દિવસો સુધી એક શબ્દની આપલે કર્યા વિના ભર્યુંભર્યું અને ઝળહળ ઝળહળ ફીલ કરતા હો. આવા એકાદ સંબંધ પછી તમને જિંદગીમાં બીજી કોઈ ભીડની કે ટોળાંની કે સમૂહની જરૂર રહેતી નથી. - **સૌરભ શાહ.**

---

આ નુર વિહોણી દુનિયામાં, એક જ નૂર સદા દીઠું
એક પંખી ટહુકી ઊઠ્યું તો, લાગ્યું કે તું નારાજ નથી.

**- મકરંદ દવે.**

આભ કે દરિયામાં તો, એક પણ કેડી નથી
અર્થ એનો એ નથી, કોઈએ સફર ખેડી નથી.

**- રાજેશ વ્યાસ.**

---

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - ઓશો વાણી - | ૧ |
| ઈશ્વરે મુઝે માર્ગ બતાયેગા - જિંદગી ખાલીખમ કેમ લાગે છે ? | ૨ |
| ગોમયે વસતી લક્ષ્મી - તંત્રી - | ૩ |
| વાસણમાં વાડી - સૌર ઊર્જા પર ચાલતુ ગામ - | ૪ |
| રશિયાનો દેશપ્રેમ - જપાન- | ૫ |
| મૅરેથૉન ભીતરમાંથી થવી જોઈએ - કાવ્ય-કમાલ છે.- | ૫ |
| વડા પ્રધાનની વ્યક્તિગત ટેવો - ગાંધીજીની વિનોદવૃત્તિ - | ૬ |
| મહાજન ગૌશાળા - જસ્ટ એક મિનિટ - લવાજમ- | ૭ |
| શ્રદ્ધા એ જ શક્તિ છે. - | ૮ |

## તંત્રી સ્થાનેથી :

# ગોમયે વસતી લક્ષ્મી
# ચાલો, પાંજરાપોળોને પગભર કરીએ.

મથાળું વાંચીને થાય કે શું આ શક્ય છે ? હા. એ શક્ય છે.

આપણા ઋષિમુનિઓએ પોતાના વૈરાગ્ય-તપ-ત્યાગ-તપસ્યાને સાધના દ્વારા ગાયમાતાએ અમૂલ સમૃધ્ધિનો ખજાનો છે એ જાણ્યું અને પ્રયોગો દ્વારા સિધ્ધ પણ કર્યું અને તેથી જ સૂત્ર આપ્યું. ''ગોમયે વસતી લક્ષ્મી.''

ભારત અત્યંત સુખી સંપન્ન સમૃદ્ધ અને સંસ્કારશીલ દેશ હતો અને છે. અને એનો પાયો હતો ગો આધારિત આપણી વ્યવસ્થા ગાય-ગોબર - ગોમૂત્ર - ધરતી -વનસ્પતિ-પ્રાણી- પક્ષી - જીવજંતુ - માનવ આ એક સાંકળ છે. આપણે આ સાંકળ તોડી. આપણે ગોવંશ પ્રત્યે દુર્લક્ષ સેવ્યું એટલે પ્રથમ ઘરોમાંથી, પછી ખેતીમાંથી, પછી જીવનમાંથી ગોવંશ દૂર થતા ગયા અને આપણી પડતીની શરૂઆત થઈ અને એકવીસમી સદીમાં તો આ બરબાદી એટલી વેગે ચાલી રહી છે કે હવે કેમ બચશું એ જ મોટો પ્રશ્ન છે. પણ હજી ઉપાય છે. આપણે પાછા વળીએ. ફરી ગાયને કેન્દ્રમાં સ્થાપીશું તો માનવ પ્રકૃતિ પશુ પ્રાણી સહુ સમૃધ્ધિ, સુખ, સંતોષને પામશું. આપણા શાસ્રો વેદોમાં ગાયનું એક અનુભવ સિધ્ધ વિજ્ઞાન પડેલું છે. એટલે આ સંશોધનનો-Research-નો નહિ, Search નો પ્રયોગનો વિષય છે. એ વિજ્ઞાનનો ફરી ઉપયોગ કરી આપણે પાંજરાપોળોને સ્વાવલંબી બનાવી શકીએ છીએ અને એથી આપણે પણ સ્વાવલંબી બનશું.

પાંજરપોળોનો સહુથી મોટો પ્રશ્ન ઘાસચારાનો હોય છે. દુષ્કાળ વખતે તો અત્યંત વિકટ પરિસ્થિતિ હોય છે. એક નવું વિજ્ઞાન આવ્યું છે કે આપણે એક એકરમાં Hydroponic Unit ની મદદથી ૩૦૦૦ થી ૪૦૦૦ પશુઓ માટે રોજ સમૃધ્ધ ગુણવતા યુક્ત Organic લીલો ચારો ઉગાડી શકીએ છીએ. ખોરાક સાત્વિક-શુધ્ધ હશે તો ધરતી સાત્વિક Organic થશે અને એનાથી ધરતીમાં મબલખ ઉત્પાદન આપવાની શક્તિ આવશે. માનવ-પશુ બધા સમૃધ્ધિને પામશું. કુદરતના-પ્રકૃતિના સમન્વયથી આ સાયકાત ચાલે છે.

પશુ ઉપયોગી સિધ્ધ થશે તો ગોવંશ ખેડૂતના ખીલે ફરી બંધાશે. ગોવંશ કોઈ વેચશે નહિ. કસાઈના હાથમાં જ નહિ આવે. ગોબર-ગોમૂત્ર જ મુખ્ય ઉત્પાદન છે. દુધ તો By Product છે. રઝળતા ઢોરની મદદથી આખા સમાજની જમીનો ઓરગેનીકમાં રૂપાંતર થઈ શકશે. પર્યાવરણનો સહુથી મોટો પ્રશ્ન હલ થશે. આ છે અહિંસક ક્રાંતિ તરફનું પ્રથમ પગલું. Hydroponic Unit થી લીલા ચારાની પડતર કિંમત લગભગ રૂા.૫/- કિલોની થાય છે. એમાં રોકણ પણ મોટું છે. રોજનું એક હજાર કિલો લીલો ચારો પેદા કરવા માટે રૂા.૧૦ દસ લાખનું રોકાણ થાય છે. પાંજરાપોળોમાં એટલું મોટું રોકાણ કરવાની હાલમાં સ્થિતિ નથી. રોજના ચારા માટે પણ અત્યંત મુશ્કેલી હોય છે. આથી એક કંપની જેને આ પ્રાચીન વિજ્ઞાન જાણ્યું છે, પ્રયોગ કર્યો છે તે રોકાણ કરશે. કંપનીને ૧૦૦૦ કિલો ચારા માટે દસ લાખનું તથા પાંજરાપોળની ફાજલ જમીન-જેમાંથી કંપનીને વળતર મળી શકે છે. તેમાં સરગવો કે અન્ય પાક લેવા માટે એકર દીઠ ૧.૨૫ લાખનું રોકાણ થાય છે. કંપનીને આ રોકાણ ખેતીના ઉત્પાદનો, ખાતર, દુધ, ઘી વિ. માંથી દોઢ-બે વરસ પછી ધીમે ધીમે મળવાનું શરૂ થશે. કંપની પાંજરાપોળને ચાર વરસ સુધી સમૃધ્ધ, ગુણવતા યુક્ત, ઓરગેનીક લીલો ચારો રૂા.૨/- કિલોના ભાવે પુરો પાડશે. આથી પાંજરાપોળને ચાર વરસ સુધી લીલા ચારા તથા બીજા જે ખરચા છે પગાર-ઈલેક્ટ્રીસીટી વિ. કરવાના રહેશે. પાંચમા વરસથી પાંજરાપોળનો બધો ખરચો ઘાસચારા, પગાર વિ. કંપની કરશે. પાંજરાપોળમાં ત્રીસ એકર દીઠ એક બોર -ઈલેક્ટ્રીસીટી તથા ગોબર-ગોમૂત્રનું વ્યવસ્થિત કલેક્શન કરવાની વ્યવસ્થા જરૂરી છે. આ માટે પાંજરાપોળે દસ વરસ સુધી કંપની સાથે કરાર કરવાનો રહેશે કે પાંજરાપોળમાંથી મળતા ગોબર-ગોમૂત્ર-દૂધ-ખાતર તથા ફાજલ જમીનમાં જે ખેત ઉત્પાદન થશે તેનો હક્ક કંપનીનો રહેશે. ટુંકમાં કંપની જે રોકાણ કરે છે તેનું વળતર તેને પાંચમા વરસ પછી શરૂ થવાની સંભાવના છે. સરગવો કે અન્ય ફળાઉ વૃક્ષો ઉગશે તે તો પાંજરાપોળ માટે દસ વરસ પછી કાયમી આવકના સ્તોત્ર બની જશે.

ટુંકમાં પાંજરાપોળોએ શરૂઆતમાં કોઈ રોકાણ કરવાનું નથી. પણ ''બે ગાય દીઠ એક એકર જમીન'' સ્વાવલંબી થવા માટે જરૂરી છે. જો એટલી જમીન ન હોય તો સંસ્થાએ પોતાની આજુબાજુમાં વાવવા માટે દસ વરસના પટા માટે જમીન મેળવવામાં મદદ કરવી જરૂરી છે. હાલમાં કચ્છ, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશમાં લગભગ ૩ થી ૪ હજાર રૂપિયા એકર દીઠે જમીન વાવવા મળી શકે છે.

આ તો ટુંકમાં જણાવેલ છે. પાંજરાપોળને રસ હોય તેઓએ રમેશભાઈ દોશીનો મો.નં. ૭૫૦૬૭૫૦૨૫૧ /૯૪૨૭૬૬૩૪૭૩ તથા મીતેશભાઈ નો મો.નં. ૯૯૨૪૪૪૫૦૮૭ પર સંપર્ક કરવો. પત્ર વ્યવહાર: Aster Green Enterteck Pvt. Ltd., B/506, Infinity Tower, Prahalad Nagar, Ahmedabad 380015, Gujarat આ સરનામે કરવો.

આજ સુધી આવો પ્રયોગ થયો નથી આ શરૂઆત છે. પણ સમયની માંગ છે અને આપણા અનેક પ્રશ્નોનો ઉકેલ છે માટે સહિયારા પ્રયાસથી જ આ પ્રયોગને સફળ કરી શકાશે.

**સર્વથા સહુ સુખી થાઓ એ ભાવ સાથે જય જગત.**

## મૌલિક બનો

કવિ ઈકબાલે એક જગ્યાએ કહ્યું છે કે, બીજાનો પ્રકાશ ઉછીનો લઈને મોટા બનવા કરતાં મારા પોતાના નાનકડા પ્રકાશથી હું સંતોષ માનીશ. બીજાના પ્રકાશથી માણસ ચંદ્ર જેમ પ્રકાશિત થઈ શકે છે. પરંતુ પછી તેનો ક્ષય પણ થાય છે. જ્યારે નાનકડા તારાઓ ક્યારેય ક્ષય પામતા નથી. બીજાના વિચારો ચોરવા કરતાં પોતાના વિચારો ઉપર અમલ કરીને આગળ વધવાથી માણસ એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

## સ્વાભાવિક રહેવું એ મૌલિકતા જ છે

મૌલિક બનવાનો અર્થ એવો નથી કે બીજાથી જુદા તરી નીકળવા માટે વિચિત્ર બનવું. ડાગલાઓ લોકોનું ધ્યાન આકર્ષી શકે છે, પરંતુ તેમનામાં મૌલિકતા નથી હોતી. બીજી તરફ, સામાન્ય રીતે દરેક માણસને એમ લાગ્યા કરે છે કે, તે જે કામ કરે છે એવું અગાઉ કોઈએ કરી નાખ્યું છે અથવા તો કોઈ કરી રહ્યું છે - આવી સ્થિતિમાં મૌલિકતા કેવી રીતે આવી શકે ? હકીકતે, જો તમે પોતે ઈરાદાપૂર્વક કોઈની નકલ ન કરો એટલે કે સ્વાભાવિક રહો તો તમે નકલી હોઈ શકતા જ નથી. તમે સ્વભાવિક રીતે જ મૌલિક છો.

# વાસણમાં વાડી

આપણા દેશમાં વસ્તુના વપરાશમાં જે હદે કાળજી રાખવામાં આવે છે અને કસ કાઢવામાં આપણી જે હોશિયારી છે એનો જોટો જડવો મુશ્કેલ છે. જોકે, હવે દુનિયાભરમાં આ અભિગમ પથરાયેલો જોવા મળી રહ્યો છે. નવતર પ્રયોગ કરવાના હિમાયતીઓ ઈનડોર ફાર્મ જેવા અખતરા કરી રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે અને અચંબો પણ થશે કે માલસામાનની હેરફેર કરવા માટે વપરાતા મોટા કન્ટેઈનરમાં કેટલીક વસ્તુઓ ઉગાડવામાં આવી રહી છે. વધુ અચરજ પમાડે એવી વાત એ છે કે ૯૦ ટકા ઓછું પાણી વાપરી તેમ જ કોઈ પણ પ્રકારની જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા વિના કેટલીક ઊપજો મેળવી શકાય છે. કન્ટેઈનર ફાર્મિંગ (વાસણમાં વાડી જ કહીશું ને) તરીકે ઓળખાતી આ પદ્ધતિ બધે પગપેસારો કરી રહી છે. આ કન્ટેઈનર્સમાં વાડી ઉપરાંત ઘર તેમ જ રમતના મેદાન વિકસાવ્યા હોવાના પણ દાખલા છે.

અમેરીકાના બોસ્ટન શહેરનો એક દાખલો વાત પર ઘણો પ્રકાશ પાડી જાય છે. બોસ્ટનની એક કંપની એક ડગલું આગળ વધીને આ મસમોટા કન્ટેઈનર્સનું રિસાઈકલિંગ કરીને હાઈટેક મોબાઈલ ફાર્મ બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. કૃષિ ઉદ્યોગમાં નાવીન્ય લાવવાના આશયથી આ પ્રયોગો થઈ રહ્યા છે. હવે અમેરિકાનો ઉચ્ચ ગુણવત્તાવાળા તેમ જ સ્થાનિક સ્તરે ઉગાડેલા ફળ અને શાકભાજીનો આગ્રહ રાખવા લાગ્યા છે. આ માગને પહોંચી વળવા માટે પરંપરાગત ન ગણાતી વેરહાઉસ, ઓદ્યોગિક ઈમારતો તેમ જ કન્ટેઈનરોમાં ફાર્મિંગ એટલે કે નાના પાયે ખેતી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે હાઈડ્રોપૉનિક્સ (માટીના ઉપયોગ વિના કેટલાક પોષક તત્ત્વો ઉમેરી રેતી, કાંકરા કે પ્રવાહીમાં છોડ ઉગાડવાની પદ્ધતિ) તેમ જ અન્ય કેટલીક જાણીતી પદ્ધતિનો વપરાશ માટીના ઉપયોગ વિના તેમ જ બગાડનો ઘટાડો કરીને છોડ કે રોપા ઉગાડવાની ટેકનોલૉજી વિકસાવી રહી છે. એક જાણીતી કંપનીના અધિકારીએ આપેલી માહિતી મુજબ 'આ પદ્ધતિ વિશે વર્ષો પહેલા વિચાર કરવામાં આવ્યો હતો ખરો, પણ ત્યારે યોગ્ય ટેકનોલૉજી હાથવગી નહોતી. હવે એનું શક્ય એટલું આધુનિકરણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. હવે તો ખેડૂતો સાતત્યપણે સારી ઊપજ મેળવી રહ્યા છે અને સામાન્યપણે એક એકરની જમીન પર જે પેદાશ થઈ શકે એટલી પેદાશ આ ૩૨૦ ચોરસ ફૂટની જગ્યાના આ કન્ટેઈનર ફાર્મમાં મળી રહે છે. એ સુધ્ધાં કોઈ પણ જંતુનાશક દવા વાપર્યા વિના અને ૯૦ ટકા પાણી ઓછું વાપરીને.' આ પદ્ધતિનો અન્ય એક ફાયદો છે કે હવામાનને અંકુશમાં રાખી શકાય છે, સ્વયંસંચાલિત પ્રકાશનો ઉપયોગ કરવામાં આવે છે અને ઊપજની દેખરેખ માટે મોબાઈલ ઍપ્સ જેવા સાધનો હાથવગા હોવાથી આખું વર્ષ પાક લણી શકાય છે. બીજો એક ફાયદો એ છે કે કોઈ નવોસવો પણ મૂળભૂત જાણકારી મેળવીને આ કામ સહેલાઈથી કરીને માર્કેટમાં એનું વેચાણ કરી શકે છે. હા, પ્રારંભે મોટો ખર્ચ કરવો પડે છે, પણ હાથ બેસી ગયા પછી વળતર મેળવવામાં ઓછી મુશ્કેલી નડે છે એવો દાવો કરવામાં આવ્યો છે. જાણકારોના મતે આ પદ્ધતિથી તૈયાર થતી ઊપજો આરોગ્યપ્રદ હોવાની સાથે વધુ સમય ટકી શકે એવી હોય છે.

**- પ્રતીક ખંભાતી, સૌ. મુંબઈ સમાચાર.**

# સૌર ઊર્જા પર ચાલતું આખું ગામ

ગ્રામજનો ધારે તો શું ન કરી શકે એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બિહારના જેહાનાબાદ જિલ્લાના બોધગયા નજીક આવેલા ધરનઈ ગામમાં જોવા મળ્યું છે. ૨૪૦૦ની વસતી ધરાવતા આ ગામના લોકો અનેક વર્ષથી વીજળી વગર ટળવળતા હતા. કોઈ દાદ નહોતું આપતું. આપ મુઆ વિના સ્વર્ગે જવાય નહીં એ કહેવતને અનુસરીને થોડા વર્ષ પહેલાં ગ્રામજનોએ વીજળીની સગવડ જાતે કરવાનો નિર્ણય કર્યો અને તેમના અથાક પ્રયાસોને લીધે ગામની કાયાપાલટ થઈ ગઈ. આખું ગામ સોલાર પાવર (સૂર્ય ઊર્જા) દ્વારા સંચાલિત વીજળીના દીવા વડે ઝગમગ ઝગમગ થઈ ગયું.

ગ્રામ લાકોએ પ્રયાસ આદરતાં તેમને એક અગ્રણી સંસ્થાનો સાથ સહકાર મળ્યો. તેની મદદ વડે ગામમાં સોલાર પાવર માઈક્રો ગ્રીડ બેસાડવામાં આવી. એને પરિણામે આશરે ૪,૫૦૦ ઘર અને પચાસ કમર્શિયલ સંસ્થામાં વીજળીની સગવડ ચોવીસ કલાક માટે ઉપલબ્ધ થઈ ગઈ. તમને જાણીને નવાઈ લાગશે કે આખો પ્રોજેક્ટ માત્ર રૂ. ૩ કરોડમાં સાકાર થયો. એટલું જ નહીં ધરનઈને સંપૂર્ણ સોલાર પાવર વડે ચાલતા ભારતના સૌપ્રથમ ગામનું બિરુદ મળ્યું.

ગામના રહેવાસી કમલકિશોર કહે છે કે ભારતને પ્રગતિના પંથે લઈ જવાની વાતો કરવામાં આવી રહી છે. અમારા ગામમાં લગભગ ત્રણ દાયકાથી વીજળીની સગવડ ઉપલબ્ધ નહોતી. અમે વીજળી મેળવવા બનતા પ્રયાસ કર્યા હતા. અમારો પનારો કૅરોસીનના ફાનસ અને મોંઘાદાટ ડીઝલ જનરેટર્સ સાથે પડ્યો હતો. હવે હું ગૌરવપૂર્વક કહી શકું છું કે અમે ઊર્જાશક્તિ પ્રાપ્ત કરીને અમારી આગવી ઓળખ સ્થાપિત કરી છે. હવે અમે દેશના અન્ય ભાગો સાથે સ્પર્ધા કરીને વિકાસ કરી શકીશું.

ગામમાં સંપૂર્ણ સોલાર ઊર્જાનો ઉપયોગ થવા લાગ્યો ત્યારથી દેશના અન્ય ગ્રામ્યજનોને પ્રોત્સાહિત કરવા 'ધરનઈ લાઈવ' નામની વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં સરકારને ઊર્જા પ્રાપ્તિ માટેની રિન્યૂએબલ પદ્ધતિ અપનાવવા જણાવાઈ રહ્યું છે. એક તરફ એનર્જી પ્રોજેક્ટ્સ રોકવાના પ્રયાસ કરવા બદલ લોકો પર દોષારોપણ થાય છે તો બીજી તરફ એક ગામના લોકોએ ઊર્જા મેળવવા પોતીકો માર્ગ પસંદ કરી લીધો એ છે, વૈકલ્પિક મોડલ દ્વારા સતત ઊર્જા પ્રાપ્તિનો.

દેશના કોલસા અને અણુ ઊર્જા પ્લાન્ટ્સ આ ગામમાં પહોંચાડી શકાય તેમ નથી. આ ગામના લોકોને ગ્લોબલ ક્લાઈમેટની કે પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસની પણ ચિંતા નહીં કરવી પડે એ એક મોટો ફાયદો છે.

ધરનઈ ગામ હવે ઊર્જાની બાબતે સ્વાવલંબી બની ગયું ત્યારથી ગામના વિદ્યાર્થીઓ માટે રાતે અભ્યાસ કરવાનું સુગમ બની ગયું છે. મહિલાઓ રાતે પણ ઘર બહાર નિકળી શકે છે. લઘુ ઉદ્યોગો ફૂલીફાલી રહ્યા છે. ખરે જ! આ ગામ હવે ઉજ્જવળ ભવિષ્ય તરફ આગેકૂચ કરી રહ્યું છે. - **પુષ્કર જોષી, સૌ. મુંબઈ સમાચાર.**

---

તારું કશું જ ન હોય તો છોડીને આવ તું
તારું બધું જ હોય તો છોડી બતાવ તું

**રાજેશ વ્યાસ- 'મિસ્કીન'**

## રશિયાના લોકોનો દેશપ્રેમ

તુર્કીએ રશિયાનું એક લડાયક વિમાન તોડી પાડ્યું અને તેના પાઈલટને ગોળીથી વિંધી કાઢ્યો. તેનો જવાબ રશિયાની સરકારે તો આપ્યો તેની રીતે. ત્યાંની સરકારે તૂર્કીમાંથી આવતો બધો જ સામાન સરહદ પરથી પાછો વાળી દીધો. તૂર્કીના બધા જ નાગરિકોને, વિદ્યાર્થીઓને, પ્રોફેસરોને દેશ છોડી જવાનો આદેશ આપી દીધો. તૂર્કીને પેટ્રોલિયમ આપવાનું રશિયાએ બંધ કરી દીધું.

તૂર્કીના આ પગલાંનો જવાબ રશિયાના લોકોએ કઈ રીતે આપ્યો તે જાણવું પણ રસપ્રદ છે. ત્યાંના લોકોએ નહીં કહ્યું કે તૂર્કીની ફૂટબોલની ટીમને રશિયામાં બોલાવો. ગાયકોને બોલાવો. કળાને અને રમતગમતને રાજકારણમાં લાવવી જોઈએ નહિ, એવા વામણા તર્કો નહિ કર્યાં. રશિયનોએ તેમની ભાષામાં જવાબ આપ્યો.

રશિયાના બધા જ ટૂર ઓપરેટર્સે બુક કરેલી બધી જ તૂર્કીની ટૂર્સ, તેઓ જાણતા હતા કે આ ટૂર્સ રદ કરવાથી તેમણે ગ્રાહકોને પૈસા પાછા આપવા પડશે અને તેની સાથે સાથે દંડ પણ આપવો પડશે. જેના લીધે આર્થિક ફટકો પડશે. છતાંય રાષ્ટ્રહિતમાં તેમણે આ નિર્ણય લીધો.

રશિયાના બધા જ વેપારીઓએ, રશિયાની મોટી કોર્પોરેટ કંપનીઓએ તૂર્કીમાંથી આયાત કરવાના બધા જ ઓર્ડરો કેન્સલ કરી દીધા. જેનાથી તેમણે ઓર્ડરની સાથે આપેલ એડવાન્સ જપ્ત થઈ ગઈ છતાંય તેમણે પોતાના ધંધાને નુકસાન કરીને પણ આમ કર્યું દેશના હિતમાં.

આની સરખામણીએ આપણે ત્યાં શું થાય છે તે જુઓ. ચીન આપણા દેશમાં વારંવાર ઘૂસણખોરી કરે છે, છતાંય આપણે ચીનનો ઉતરતા સ્તરનો માલ-સામાન છડેચોક વાપરીએ છીએ, કોઈને ચીની સામાનનો બહિષ્કાર કરવાની વાત કરીશું તો આપણું મોઢું જાણે તોડી લેશે. આમ રશિયાના લોકોના દેશપ્રેમ પરથી આપણે શીખવું જોઈએ.

**- ધનંજય આહીરે, લીંબાયત, સુરત. તા.૨૭.૧.૧૬**

**જાપાનના પાટનગર ટોકીઓની પરાંગાડીઓમાં આવજા કરતા રોજના ૪૧ લાખ મુસાફરોને થોડા વધુ શિષ્ટાચારના પાઠ આપવા માટે ત્યાંની રેલવેએ ઝુંબેશ ઉપાડી છે. પોતાની રીતભાતમાં વિવેક જાળવવા અને ધક્કામુક્કી વગેરે અભદ્ર વર્તનથી વેગળા રહેવાનો મુસાફરોને અનુરોધ કરતાં હજારો ભીંતપત્રો એ ભોંયરાગાડીઓનાં ૧૧૫ સ્ટેશનો પર ચોડવામાં આવ્યાં છે. એક ચિત્રમાં કોઈ યુવતી પોતાની બેઠક એક થાકેલાં લાગતાં દાદીમાને આપી દેતી દેખાય છે, એનું મથાળું: ''૫૦ વરસ પછી તમારે જે બેઠકની જરૂર પડશે, તે આજે કોઈને આપજો !''**

**ગરીબને, અભણને, અજ્ઞાનીને, દુ:ખીને ઈશ્વર માનો,**
**આવા લોકોની સેવા એ જ પરમ ધર્મ છે.**
**- સ્વામી વિવેકાનંદ**

## આપણી ભીતરમાં પણ મૅરથૉન દોડ થવી જોઈએ

કરૂણતા તો એ વાતની છે કે આપણે ઊભા હોઈએ કે બેઠા હોઈએ ત્યારે આપણું મન વિચારોના ટોળા સાથે દોડતું હોય છે, આપણા મનની મૅરથૉનને વળી કોઈ સીમા હોતી નથી. તન તો ક્યારેક થાકીને પણ ઊભું રહી જાય છે, પણ મનને તો બસ દોડ્યા કરવામાં જ જાણે સર્વસુખ મળે છે. ક્યાં પહોંચવું છે, શું કામ પહોંચવું છે, પહોંચીને શું હાંસલ થશે એ હાંસલ કરવામાં તે શું ગુમાવશે એ બધાના વિચારો કર્યા વિના દોડતા લોકો કે લોકોનાં મન આખરે થાકે કે હારે છે ત્યારે જિંદગી તેના છેલ્લા પડાવમાં આવી ગઈ હોય છે. ઘણી વાર તો ત્યાર પછી પણ માણસો સમજતા નથી અને દોડ્યા કરે છે. આ દોડ એ શરીરની દોડ નહીં; ઈચ્છાઓ, પૈસો, સંપત્તિ, પદ, માન-સન્માન, પ્રસિદ્ધિ, પાવર જેવું સતત કંઈક પામવાની દોડ હોય છે. માણસ આ બહારની દોડમાં જે પણ કંઈ પામતો હશે, પરંતુ વાસ્તવમાં તે પોતાને ગુમાવતો હોય છે જે તે ભૂલી જાય છે; કેમ કે તેની ભીતરની દોડ થઈ શકતી નથી. બહાર ઘણું બધું પામી લીધા પછી પણ ભીતર ખાલીપો રહી જતો હોય તો એ દોડ નિરર્થક ગણાય. મૅરથૉન દોડ બહારની ભલે હોય, પણ એક મૅરથૉન સતત ભીતરની પણ હોવી જોઈએ. જોકે આ ભીતરની મૅરથૉનમાં દોડવાથી નહીં બલકે ઊભા રહેવાથી સફળતા પ્રાપ્ત થાય છે. આ ભીતરની દોડનું કોઈ આયોજન કરે કે ન કરે, માણસે એમાં પોતાને એકલાને લઈને નીકળી પડવાનું હોય છે. આપણે દરેક જણ પોતાની ભીતરની દોડની યાત્રા શરૂ કરીએ દોસ્તો.

**- જયેશ ચિતલીયા -સૌ. મિડડે,૨૭.૧.૧૬**

## કમાલ છે.

દુનિયાના રંગઢંગ જુદા આજકાલ છે,
અંધારું એનું એ જ ને બળતી મશાલ છે.
દુનિયાને એક કરવી છે મોટી ધમાલ છે.
ઘરઆંગણે તો પ્રેમની વચ્ચે દીવાલ છે.
શસ્રો તો સામસામા ખડકતા જ જાય છે,
શોધે છે શાંતિ બધાં કેવી કમાલ છે.
જઈને ગગનમાં ચંદ્રના ભેદો ઉકેલશે,
માણસને ઓળખી શકે કોની મજાલ છે.
દુનિયાને ભૂંસી નાંખશે ધર્મોની ઓથમાં,
સંસ્કારીઓમાં એક નવી હિલચાલ છે.
માણસના સર્વનાશની ચાલે છે યોજના,
દિલમાં છે વેર ઝેર અને આંખ લાલ છે.
એટમ અધીરા થાય છે ફૂટી જવા હવે,
અવકાશ માત્ર બાકી રહે એવો તાલ છે.
'આઝાદ' ચારેકોર પશુતાનો દોર છે,
માણસનો જન્મ ક્યારે થશે એ સવાલ છે.

**- કુતુબ 'આઝાદ'**

# વડા પ્રધાનની વ્યક્તિગત ટેવો

કોઈ માણસ સફળ થાય ત્યારે આપણે નસીબ નામની અદ્રશ્ય વસ્તુને તેની ક્રેડિટ આપતા હોઈએ છીએ પણ તેનું સમર્પણ અને હાડવર્કિંગ આપણને નથી દેખાતું.

આપણા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ.

- તેમનો સૂવાનો સમય ગમે તે હોય ઊઠવાનો સમય ફિક્સ છે સવારે ૪.૪૫ વાગે.
- રોજ સવારે ૩૦ મિનિટમાં તેમના દૈનિકકાર્ય પૂર્ણ કરી (ટોઈલેટમાં મુખ્ય પેપર વાંચી લે છે) ૩૦ મિનિટ કસરત કરે છે અને તે સમયે આગાઉના દિવસે દુનિયાભરની ન્યૂઝ ચેનલમાં ભારત અને ભાજપને લાગુ પડતા સમાચારનું રેકોર્ડિંગ સાંભળી લે છે.
- ૧૦ મિનિટ મંદિર સામે બેસી ધ્યાન ધરે છે.
- એક કપ ચાય સાથે કોઈ જ નાસ્તો લેતા નથી.
- ૬.૧૫ની આસપાસ એક સરકારી વિભાગ તેમનાં ઘરમાં મિટિંગ રૂમમાં પ્રેજન્ટેશન માટે તૈયાર જ હોય છે.
- ૭ થી ૯ તેમના ઘરે આવેલ મહત્ત્વની ફાઈલો ચેક કરે છે તથા તેમના માતૃશ્રીને ફોન કરી ખબર અંતર પૂછે છે (ભારતના વડા પ્રધાનને માં માટે સમય છે. આપને ?)
- ૯ વાગે ગાજર અથવા અન્ય સલાડનો નાસ્તો કરે છે તથા પંચામૃત પીણું પીવે છે (રેસીપી - ૨૦ એમ.એલ. મધ, ૧૦ એમ.એલ. દેશી ગાયનું ઘી તથા ફૂદીના, તુલસી અને લીમડાના મોરનું મિક્સ જ્યૂસ અને એક લીંબુ)
- ૯.૧૫ કાર્યાલય પર પહોંચી મહત્ત્વની મિટિંગો પતાવે છે.
- બપોરે જમવામાં પાંચ જ વસ્તુ લે છે (ગુજરાતી રોટલી, શાક, દાળ, સલાડ, છાશ)
- સાંજના ૪ વાગે દૂધ વગરની લેમન ટી
- સાંજે ૬ વાગે ખીચડી અને દૂધનું ભોજન
- રાત્રે ૯ વાગે દેશી ગાયનું દૂધ એક ગ્લાસ સૂંઠ નાખેલું.
- મુખવાસમાં કાયમ લીંબુ મરી નાખેલો શેકેલો અજમો (તેનાથી વાયુના થાય).
- ૯ થી ૯.૩૦ ચાલે છે, સાથે એક વિષયના જાણકારને રાખી તેની સાથે ચર્ચા કરે છે.
- ૯.૩૦ થી ૧૦ સોશિયલ મીડિયા તથા સિલેક્ટેડ પત્રોના જવાબ આપે છે.

નરેન્દ્રભાઈએ જિંદગીમાં ક્યારેય

- સોફ્ટ ડ્રીંક પીધું નથી કે ફાસ્ટ ફૂડ ખાધું નથી.
- ભારતના ૪૦૦ જિલ્લાનો તેમણે પ્રવાસ કરેલો છે.
- તેઓ ગુજરાતથી દિલ્હી ગયા ત્યારે માત્ર બે જ વસ્તુ સાથે લઈ ગયા, એક કબાટ કપડાં અને ૬ કબાટ પુસ્તકો.
- તેઓ આટલા સતત પ્રવાસ દરમિયાન રાતવાસો કાયમ કોઈ સંત સાથે આશ્રમમાં કે કોઈ નાના કાર્યકરને ઘેર કર્યો છે. હૉટલમાં ક્યારેય નહિ, વડનગરની લાઈબ્રેરીનાં તમામ પુસ્તકો તેમણે વાંચી નાખ્યાં હતાં.
- તેઓ કોઈ પણ પ્રસંગે અંગત ભેટ આપે તો તે પુસ્તક જ હોય. છેલ્લા એક દાયકાથી ગુજરાતમાં નવ વિવાહિતોને સ્રીપુરુષ પુસ્તક ભેટમાં આપતા. આજે ભારતના વડા પ્રધાન તરીકે સહુને તેઓ ભગવદ્ ગીતા ભેટ આપે છે.
- તેઓ ટૂથ બ્રસ નહિ પણ કરંજનું દાતણ કરે છે.
- તેમના રસોડામાં મીઠાં ને બદલે સિંધાલૂણ વપરાય છે.
- પ્રવાસ દરમિયાન ફાઈલો તથા ચર્ચા કરાવવાવાળા મંત્રી અધિકારી સતત સાથે હોય છે.
- ૬૪ વર્ષની ઉંમરે સીડી ઊતરતા તેઓ કયારેય રેલિંગ નથી પકડતા,
- એક દિવસની ૧૯ સભાઓ તેમણે કરેલી છે.
- આંખ કાયમ ત્રિફલાના પાણીથી ધોવે છે (હરડે બહેડે આમળા આખા રાત્રે પલાળી સવારે તેનું પાણી)
- ગુજરાતના મુખ્ય મંત્રી હતાં ત્યારે એકવાર સ્વાઈન ફ્લૂ સમયે અને એકવાર દાઢના દુખાવા સમયે જ ડૉક્ટરની તેમને જરૂર પડી હતી.
- વડા પ્રધાન બન્યા બાદ પણ ગુજરાત ભાજપના કાર્યકરોને દુ:ખદ પ્રસંગે સાંત્વના પાઠવવા જરૂર ફોન કરે છે. (મોટા બન્યા બાદ ભુલાય નહિ ભાઈ. તે શીખો)
- તેમના અંગત સ્ટાફના તમામ દીકરા દીકરીનું એજયુકેશન સ્ટેટ્સ તેમને ખબર હોય છે અને તેનું ફોલોઅપ રાખે છે (સમાજસેવામાં અંગત લોકો બાદ ના થઈ જાય તે શીખો)

**- (માહિતી- હેમાંગ પરીખ, વલસાડ) જન્મભૂમિ, ૧૫.૨.૧૫**

# ગાંધીજીની વિનોદવૃત્તિ

ગાંધીજી એક વખત માંદા હતા ત્યારે એક ડૉક્ટર એમને તપાસવા આવ્યા. એમની સાથે થયેલી વાતોમાંથી થોડીક નીચે પ્રમાણે હતી :

ડૉક્ટર - 'તમને ગળ્યું ભાવે કે તીખું ?'

ગાંધીજી : 'મને ગળ્યું બહુ ભાવે છે. પણ ભજિયાં અને ફરસાણ પણ હોઈયાં કરી જાઉં.'

ડૉક્ટર : 'હા, એ તો એકલું ગળ્યું કોઈને ન ભાવે.'

ગાંધીજી : 'એમ ન કહેશો. ભજિયાં વિના પણ ડઝનબંધ લાડુ ખાઈ જનારા બ્રાહ્મણો હોય છે એ હું જાણું છું.'

ડૉક્ટર : 'મારી ઓળખાણની એક ગુજરાતી છોકરી છે, મીઠડી છે. તમે રજા આપો તો એને મળવા લાવું.'

ગાંધીજી : 'બધી જ ગુજરાતી છોકરીઓ મીઠડી હોય છે.'

ડૉક્ટર : 'ના છોકરીઓ બધી જ મીઠડી હોય છે.'

ગાંધીજી : 'ના ના, એ તો ગુજરાતી છોકરીઓની જ વિશેષતા છે. પણ જો જો એને લઈને ભાગી ન જતા.'

ડૉક્ટર : 'આપ આવું શું બોલો છો ? મને સાઠ વર્ષ થયાં.'

ગાંધીજી : 'હું જાણું છું કે એક માણસ એ ઉંમરે એક ફ્રેંચ છોકરીને લઈને ભાગી ગયો હતો.' બધા ખડખડાટ હસી પડ્યા.

ગાંધીજી : 'આમ જ હું મારું લોહીનું દબાણ નીચું લાવું છું.'

# શ્રી મહાજન ગૌશાળા
# ઘોઘા રોડ, ભાવનગર
## ગોમૂત્ર અર્કના ચમત્કારીક પરિણામોના દાખલાઓ

૧. મને છેલ્લા દસ વરસથી ડાયાબીટીશ તથા પગનો દુ:ખાવો હતો. ડોક્ટરની દવા લેવા છતાં ફાયદો થયેલ નહી. પણ ગોમૂત્ર અર્ક શરૂ કર્યા પછી હવે ખૂબજ ફાયદો છે અને હાલ ચાલી શકું છું.- **વિઠ્ઠલભાઈ ઘેલાભાઈ, ઉ.૫૬, સુરત, મો.નં.૯૮૨૫૭૭૯૦૨૪.**

૨. મને જડબાનું કેન્સર ૨૦૧૦ થી હતું મેં રેડીએશન પણ લીધેલ. બાદમાં ૨૦૧૦ થી આજ સુધી કોઈ પણ જાતની દવા નથી લીધી. નથી કોઈ રીપોર્ટ કઢાવ્યા. છેલ્લા પાંચ વરસથી મહાજન ગૌશાળાનો અર્ક દિવસમાં ત્રણવાર ફરજીયાત લઉ છું. અર્ક રેગ્યુલર લેવાથી મને સંપૂર્ણ સારું છે. અર્ક જેવી કોઈ દવા નથી. **ભરત વનરાવનદાસ ગણાત્રા, ઉ.વ. ૫૨ ભાવનગર, મોબા. ૯૯૭૪૩૧૭૨૯૯.**

૩. ૨૦૧૨ ની સાલમાં હાર્ટએટેક નળી બ્લોક અને ૧૯૯૯ થી ડાયાબીટીશ હતું. ૨૦૧૪ થી અર્ક શરૂ કર્યા બાદ મને ખૂબ જ ફાયદો છે. માલીશથી નળી ખૂલવા માંડી છે. અર્કથી ડાયાબીટીશ કંટ્રોલમાં આવ્યું છે. પહેલા ચાલી શકતો નહી હવે ૬ કિ.મી. રોજ ચાલુ છું. **ભરતભાઈ નર્મદાશંકર, ઉ.વ.૬૫, ભાવનગર, મો.૯૪૨૬૬૫૭૬૭૬, ફોન નં.૦૨૭૮-૨૫૭૨૭૨૭.**

૪. મને ૭ વર્ષથી બી.પી. તથા એકાદ વરસથી ધ્રુજારી થઈ પડી હતી. ૩ મહિનાથી અર્ક પીવાથી અને માલીશ કરવાથી ધ્રુજરી મટી ગઈ છે. કોલેસ્ટરલ અને બીપી નોરમલ થઈ ગયેલ છે. **હર્ષદભાઈ નાનાલાલ, ઉ.વ.૫૭, ભાવનગર, મો.૯૪૨૬૧૪૬૨૨૬.**

૫. મને ૨૦૧૦થી ગાયનેક પ્રોબ્લેમ-બ્લીડીંગ-અનિયમિત હોર્મોનલ પ્રોબ્લેમ હતા. વરસમાં બે ત્રણ વખત દવાનો કોર્સ કરવો પડતો. ૧ વરસથી ગોમૂત્ર અર્ક શરૂ કર્યું. ત્રણ મહિનામાં ફાયદો થવા માંડ્યો હતો. ગોમુત્ર અર્ક કુદરતી વરદાન છે. મોનો પોઝના હોર્મોનલને બદલાવને ખરેખર કંટ્રોલમાં રાખે છે. શરીર અને મન બધુ ફ્રેશ રાખે છે અને બધા પ્રોબલેમ ગાયબ થઈ ગયા, શરીર તંદુરસ્ત અને આનંદથી રહું છું. **મનીષા વિપુલ પટેલ, ઉ.વ.૪૨, મો.નં.૯૬૨૪૩૭૪૫૦૦.**

**ગૌમૂત્ર અર્ક માટે સંપર્ક**
**શ્રી મહાજન ગૌશાળા, ઘોઘા જકાત નાકા પાસે, ભાવનગર**
**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**
**શાંતીલાલ ગાલા, સાંતાક્રુઝ (પૂર્વ) ૯૮૩૩૫૯૩૩૫૧**

# જસ્ટ, એક મિનિટ...

એક બાળકીના બન્ને હાથમાં એક-એક સફરજન હતું. એની મમ્મીએ ચહેરા પર સ્મિત સાથે લાડભર્યા અવાજે બાળકીને પૂછ્યું:

'બેટા, તારી પાસે બે સફરજન છે એમાંથી એક મમ્મીને આપીશ?' પેલી બાળકી એની મમ્મીના ચહેરા પર ક્ષણભર તાકી રહી અને પછી ફટાફટ એક સફરજનમાંથી એક બટકું ખાઈ લીધું ને પછી બીજા સફરજનમાંથી પણ એક બટકું ખાઈ લીધું.

આ જોઈને એની મમ્મીના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ ગયું. એને વિશ્વાસ નહોતો બેસતો કે એની લાડકી દીકરી એની સાથે આવું વર્તન કરે. આઘાતના માર્યા એ ગુસ્સે થવાની અણી પર હતી ત્યાં જ પેલી બાળકીએ પોતે ખાધેલા પૈકી એક સફરજન એની મમ્મીને આપતાં કહ્યું:

'મમ્મી, લે આ સફરજન ખા. આ સફરજન વધારે મીઠું છે.' પોતાની નાનકડી દીકરીની આ સમજણ જોઈને એની મમ્મીનો ગુસ્સો તો ઓગળી ગયો ને એ ભાવવિભોર બની ગઈ.

આમાંથી આપણે સમજવાનું એ છે કે...

- આપણે વડીલ હોઈએ કે ગમે એવા અનુભવી, ખૂબ જ જ્ઞાની હોઈએ કે ગમે એટલા હોશિયાર, કોઈના વિશે કોઈ નિર્ણય કે ફેંસલો આપતાં પહેલાં એક ક્ષણ થોભી જાઓ.
- સામી વ્યક્તિને ખુલાસા કરવાની, પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપો. આપણે જે જોયું-સાંભળ્યું હોય એવું કદાચ વાસ્તવમાં ન પણ હોય. બીજાની વાતનું તારણ કાઢવા ઉતાવળા થવું જોઈએ નહીં.
- બીજા શબ્દોમાં કહીએ તો સામેની વ્યક્તિને સ્પષ્ટતા કરવાની તક આપીને વધુ સારી સમજ કેળવવાનું વાતાવરણ સર્જવું જોઈએ.

**- રાજુ અંધારિયા**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. કાંતીસેન શ્રોફ | - ભુજવડી (કચ્છ) | ૫૦૦/- |
| ૨. રાજેન્દ્ર કે. સુકલા | - બેંગલોર | ૩૦૦/- |
| ૩. દેવેન્દ્ર ઓઝા | - ચેન્નાઈ | ૧૦૦/- |
| ૪. રાજેશભાઈ શાહ | - મલાડ | ૧૦૦/- |
| ૫. ભાવેશભાઈ નાયક | - વલસાડ | ૧૦૦/- |
| ૬. મોહન ઓપ્ટીશયન | - વલસાડ | ૧૦૦/- |
| ૭. રમણીકભાઈ ઘેલાણી | - મલાડ | ૨૫૦/- |
| ૮. વસંતભાઈ | - માઢી | ૨૦૦/- |
| ૯. ? (Please SMS Name) | - ઓપેરાહાઉસ | ૧૦૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

## આ અંકનું સૌજન્ય

**જ્યોતિબેન મનહરલાલ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ, મલાડ અને શાશ્વત ટ્રસ્ટ, પરાગભાઈ શાહ, અમદાવાદ તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## શ્રદ્ધા એ જ શક્તિ છે.

અહીં વાત કરવી છે પ્રચંડ ઈચ્છા શક્તિની, પ્રાર્થના શક્તિની, પોઝીટીવ વાઈબ્રેશનની, શ્રદ્ધાની.

ડૉ. માર્ક એક પ્રસિદ્ધ કેન્સર સ્પેશ્યાલિસ્ટ છે. એક વખત કોઈ સંમેલનમાં ભાગ લેવા માટે મેડીકલ શોધના મહાન કાર્ય માટે પુરસ્કાર આપવામાં આવવાનું હતું તેઓ ખૂબ જ ઉત્સાહીત હતા ત્યાં જવા માટે જલ્દીમાં જલ્દી ત્યાં પહોંચવા માગતા હતા. નવી મેડિકલ શોધ માટે અથાગ મહેનત કરી હતી અને તેથી જ તેઓ આ પુરસ્કાર મેળવવા ઘણાં ઉત્સુક હતા, એમના વિમાન ને બે કલાકના પ્રવાસ પછી કંઈક ટેકિનકલ ખામી સર્જાતા વિમાનને ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડ્યું. હવે ડૉ. માર્કને લાગ્યું કે તેઓ સમારંભમાં યોગ્ય સમયે નહીં પહોંચી શકે કારણ કે આના પછીની ફલાઈટ ૧૦ કલાક પછીની હતી. થોડી ઘણી તપાસ કર્યા પછી એમને એક ટેક્સી મળી. પણ એમાં ડ્રાઈવર ન હતો અને એમણે નક્કી કર્યું કે પોતે ડ્રાઈવ કરી સમારંભમાં જવું. જેવી યાત્રા શરૂ થઈ થોડા સમય પછી ભયંકર તોફાન, આંધી શરૂ થઈ રસ્તા દેખાવા બંધ થઈ ગયા. લગભગ ર કલાકની મુસાફરી બાદ ડૉ. ને લાગ્યું કે રસ્તો ભૂલી ગયો છું. થાકી તો ગયા જ હતા ઉપરથી ભૂખ પણ જોરમાં લાગી હતી એ વેરાન સુમસાન રસ્તા ઉપર ભોજનની તપાસમાં ગાડી અહીં ત્યાં ચલાવવા લાગ્યા. કંઈક દૂર એક ઝોપડી દેખાણી, અને એ નાનકડા ઘરનો દરવાજો ખટખટાવ્યો. એક સ્રીએ દરવાજો ખોલ્યો અને ડૉ. રે એક ફોન કરવો છે એવી વિનંતી કરી પેલી સ્રીએ દરવાજો ખોલી આગ્રહભરી વિનંતી કરી ઘરમાં અંદર આવવા જણાવ્યું, અને અહીં ક્યાંય ફોનની સગવડ નથી એમ જણાવ્યું. પરંતુ આપ થોડા સ્વસ્થ થઈ આરામ કરી આગળ રસ્તો ક્લીયર થાય પછી જજો. ડૉ. થાકેલા, ભૂખથી ત્રાસેલા ડૉ. તરત હા પાડી દીધી. પેલી સ્રીએ એમને ખૂબ જ આદરથી બેસાડી ચા અને નાસ્તો આપ્યો. પેલી સ્રીએ નાસ્તો કરતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરવા જણાવ્યું. ડૉ. એ સ્રીની વાતો સાંભળી હસ્યા અને કહ્યું આ વાતોમાં હું વિશ્વાસ નથી કરતો હું મહેનત પર વિશ્વાસ કરું છું. છતાં પણ આપ આપની પ્રાર્થના કરો.

ટેબલ પર ચાની ચૂસ્કી લેતા ડૉ. એક નાના બાળક સાથે પ્રાર્થના કરી રહેલી એ સ્રીને જોઈ જ રહ્યા. ડૉ. માર્કને લાગ્યુ કે ''કહો ના કહો'' આ સ્રીને કોઈક મોટી સમસ્યા લાગે છે. જેવી એ સ્રી પોતાના પૂજાના સ્થાનેથી ઉઠી કે તરત ડૉ. એ પૂછ્યું કે તમને ભગવાન પાસેથી શું જોઈએ છે! શું આપને લાગે છે કે ભગવાન આપની પ્રાર્થના સાંભળશે? એ સ્રીએ ધીમેથી પોતાના ચહેરા પર ઉદાસીન ભર્યા હાસ્યથી કહ્યું આ મારો દીકરો કોઈક ગંભીર બિમારીથી પીડાઈ રહ્યો છે. જેનો ઈલાજ માર્ક નામના ડૉ. પાસે જ છે પરંતુ મારી પાસે એટલા પૈસા નથી કે હું મારા દીકરાને ડૉ. માર્કના શહેર સૂધી લઈ જઈ શકું. એ વાત સાચી છે કે ભગવાન આજ સુધી મારી કોઈ પ્રાર્થનાનો જવાબ આપ્યો નથી. પરંતુ મને વિશ્વાસ છે કે ભગવાન એકને એક દિવસ કોઈ રસ્તો બતાવી દેશે. એ મારા વિશ્વાસને તૂટવા નહીં દે. અને ભગવાન ચોક્કસ મારા દીકરાને ડૉ. માર્કની સારવારથી સ્વસ્થ બનાવી દેશે. ડૉ. માર્ક આ બધું સાંભળીને સૂનમૂન થઈ ગયા કેટલીક પળો તેઓ અબોલ રહ્યા. એમની આંખો ભીની થઈ અને ધીમેથી કહ્યું ભગવાન બહુ મહાન છે. તેઓ મનમાં બધું સમજી ગયા. આ બધી ઘટનાક્રમ ફક્ત આ સ્રી માટે.

ભગવાનની પ્રાર્થનાનો જવાબ અને ભગવાનને મને પણ એક મોકો આપવો હતો કે ભૌતિક જીવનમાં પૈસા કમાવવા કે પ્રતિષ્ઠા કમાવવી જ મહત્ત્વનું નથી પરંતુ અસહાય લોકોને સહાય કરવી અને ભગવાનની એવી ઈચ્છા છે કે હું એવા અસહાય લોકોને સહાય કરું જેમની પાસે ધન નથી પણ ભગવાનમાં અતૂટ વિશ્વાસ છે. દરેક માણસને એક ગલતફેમી હોય છે કે જે થઈ રહ્યું છે એમાં એનો કંટ્રોલ છે પરંતુ જ્યારે અચાનક આવી અજાણી તાકાત બધું બદલાવી દે છે ત્યારે આપણે ભગવાનને યાદ કરીએ છીએ. ત્યારે જ પ્રતીતિ થાય છે કે શબરીની શ્રદ્ધામાં કે આ સ્રીની પ્રાર્થનામાં વધારે તાકાત છે.

**- સૌ. જીવનપથ, જાન્યુ.૧૬ અંક**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**